ભૂલ પ્રત્યે ધ્યાન દોરો અને જે અકળાઇ જાય તે 'હ્યુમન' છે.. અને જે ભૂલ થઇ છે તેવું સ્વીકારે તે 'સુપરહ્યુમન' છે
- ફાધર વાલેસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૨ | ૧૩ ડિસેમ્બર, ૨૦૧૪, શનિવાર ; માગશર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પ્રવાસી ભારતીય દિવસ જેએનએલયુ કેમ્પસ ખાતે

## ૭, ૮ અને ૯ જાન્યુઆરીએ કાર્યક્રમોનું આયોજન ઉજવણીનો આરંભ ભવ્યાતિ ભવ્ય હશે : અમદાવાદ રેલવે સ્ટેશન અને એરપોર્ટ પર વિશેષ લોંજ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી જેએનએલયુ કેમ્પસમાં કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૭, ૮, ૯ જાન્યુઆરી દરમ્યાન અહિ વિવિધ કાર્યક્રમો યોજાશે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સ્વદેશ પરત ફર્યા તે વાતને ૧૨૫ વર્ષની ઉજવણીને ધ્યાને રાખી પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના વિવિધ કાર્યક્રમોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના ત્રિદિવસીય કાર્યક્રમોમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ, મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સહિતના કેન્દ્રીય મંત્રીઓ અને રાજ્યમંત્રી મંડળના સભ્યો હાજરી આપનાર છે.

આ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં મેઈક ઈન ઈન્ડિયાની થીમ સહિત અનેક વિધ થીમ આધારિત કાર્યક્રમો તૈયાર કરવામાં આવી રહ્યા છે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીને ધ્યાને રાખી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ગુજરાતના પ્રવાસન સ્થળોની વિગતો સાથેનો એક વિશેષ સ્ટોલ પણ ઉભો કરવામાં આવશે. તેમજ વિવિધ વિષયો સંદર્ભે પરિસંવાદોનું પણ આયોજન કરવામાં આવનાર છે.

ખાસ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ એ આ ઉજવણીનું આગવુ આકર્ષણ બનશે. જેમાં મહાનુભાવો સાથે સીધો સંવાદ તેમજ વિવિધ થીમો વિશેની વાતો થઈ શકશે.

મળતી વિગતો પ્રમાણે પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીને ધ્યાને રાખી અમદાવાદ એરપોર્ટ તેમજ અમદાવાદ રેલવે સ્ટેશન પર વિશેષ લોંજ પણ બનાવવામાં આવનાર છે. જેમાં ગુજરાતની વિગતો સહિત વિકાસની વાતો પણ રજુ કરવામાં આવશે. આ માટે ખાસ અધિકારીઓની નિયુક્તી કરાશે તેમજ ગાંધીનગર આવતાં પહેલાં

● અનુસંધાન પાન-૭ પર







શોભાયાત્રા - ગાંધીનગરમાં પ્રથમ વખત યોજાતા વિરાટ સંત સંમેલનની પૂર્વસંધ્યાએ શોભાયાત્રા - પોથીયાત્રા નગરના રાજમાર્ગો પર નીકળી હતી... ગાયત્રી મંદિરથી આરંભાયેલી યાત્રામાં ભાવિકો તથા સંતો-મહંતો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

# સમારંભ સ્થળે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની પ્રતિકૃતિ મૂકાશે



ગાંધીનગર, તા.૧૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે કેવડીયાની મૂલાકાત લઈ સરદાર સરોવર ડેમના નિર્માણ સ્થળે ડેમ સાઈટ ઉપર દરવાજા મૂકવાની કામગીરીનું- પીયરનું નિરીક્ષણ કરીને પ્રગતિની પ્રત્યક્ષ માહિતી મેળવી હતી.

શ્રીમતી આનંદીબહેન પટેલે મૂલાકાત બાદ જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ ના "ડ્રીમ પ્રોજેકટ" સરદાર સાહેબની વિશ્વની વિરાટતમ પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી"ની પ્રતિકૃતિ-રેપ્લીકા આગામી ૭ થી ૯ જાન્યુઆરી-૨૦૧૫ દરમ્યાન ગાંધીનગરમાં યોજાનારા પ્રવાસી ભારતીય દિવસ સમારોહનાં સ્થળ નજીક મૂકવામાં આવશે.

આના પરિણામે વિશ્વભરમાંથી આવનારા પ્રવાસી ભારતીયો "સ્ટેચ્યુ ઓફ યુનિટી"ની સંકલ્પનાથી સુપેરે પરિચીત થશે. એટલું જ નહીં, નિષ્ણાંતો, ઈતિહાસવિદો અને તજજ્ઞોના અભિપ્રાયો-સૂચનોનો સાધુ ટેકરી ખાતે ૧૮૨ મીટરની સરદાર સાહેબની વિરાટ પ્રતિમા નિર્માણમાં પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન અનુસાર યોગ્ય સમાવેશ થઈ શકશે તેવી નેમ રાખી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

● અનુસંધાન પાન-૭ પર

# શૈક્ષણિક ક્ષેત્રે ગાંધીનગર જિલ્લો મોડેલ ડિસ્ટ્રીકટ બનશે

## એક સપ્તાહમાં રોડ મેપ તૈયાર કરી અધિકારીઓને ચર્ચા માટે સચિવાલયમાં આવવા જણાવાયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાને શૈક્ષણિક ક્ષેત્રે મોડેલ ડિસ્ટ્રીકટ બનાવવાનું આહવાન કરતાં રાજય શિક્ષણમંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ આ અંગેનો એક સપ્તાહમાં રોડ મેપ તૈયાર કરી અધિકારીઓને ચર્ચા માટે સચિવાલયમાં આવવા જણાવ્યું છે.

ગાંધીનગર નજીક ગ્રામભારતી ખાતે જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે આજે તેમણે યોજેલી ચિંતન બેઠકમાં દરેક બાળકનું એમઆરઆઈ કરી તેની ક્ષમતાને વધુ વિકસાવવા પર વિશેષ ભાર મુકયો હતો. તેમણે જિલ્લાને મોડેલ ડિસ્ટ્રીકટ બનાવવા માટે એક કમિટીની રચના કરવાનું સૂચન કર્યુ હતું.

શ્રી વાનાણીએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં ભૌતિક સુવિધાઓની કમી નથી ત્યારે ગુણવત્તાસભર શિક્ષણની તાતી જરુરિયાત છે. તેમણે કહ્યું હતું કે શિક્ષણની ગુણવત્તા નબળી છે એવું પણ નથી અને ગૌરવપૂર્ણ છે એવું પણ નથી પરંતુ આપણે ગૌરવ તરફની ગતિ કરવી છે.

તેમણે જણાવ્યું હતું કે જિલ્લાની પ્રા. શાળામાં ગુણવત્તાલક્ષી શિક્ષણની સાથે સાથે શાલા મેનેજમેન્ટ કમિટીઓનું સુદ્રઢીકરણ થાય તે જરુરી છે. આ કમિટીની નિયમિત બેઠકો મળે અને ખૂટતી કડીઓ શું છે તેના પર ચિંતન કરી બાળકના શૈક્ષણિક વિકાસની રૂપરેખા તૈયાર કરવામાં આવે.

રાજયમંત્રીશ્રી વાનાણીએ જણાવ્યું હતું કે આર.ટી.આઈ. એકટની કેટલીક ત્રુટીઓ બાબતે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર સાથે પરામર્શ ચાલી રહ્યો છે. તેમણે કહ્યું કે શિક્ષણ થકી સામાજિક સમરસતાના નિર્માણની દિશામાં ઝડપથી આગળ વધી શકાય છે માટે આપણે સૌ શિક્ષણને વધુ મહત્વ આપીએ. તેમણે શાળા સંકુલોમાં અસરકારક મોનીટરીંગનો પણ આગ્રહ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર



ટ્રાફીકનો નજારો - ગાંધીનગરની તસવીર અને તાસીર બદલાઈ રહી છે... ગઈકાલે ખાલીખમ લાગતા માર્ગો આજકાલ વાહનોથી ધમધમે છે... નગરના ઘ અને ચ માર્ગ તો ચાવીસ કલાક વાહન વ્યવહાર વ્યસ્ત રહે છે... માત્ર સરકારી બાબુઓ કે પ્રધાનોની ગાડીઓ જ ગાંધીનગરમાં દોડે છે એવું નથી... સામાન્ય માણસ પણ ગાંધીનગરને સતત ધબકતુ રાખે છે... (તસવીર : દિપક જાની)

# આજે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ

## જિલ્લાના ૬૦૩૫ વિદ્યાર્થીઓએ ધો. ૧૧ અને ૫ હજાર ધો. ૧૨ સેમેસ્ટર-૩ની પરીક્ષા આપી હતી

ગાંધીનગર, તા. ૧૨

ધો. ૧૧ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહના સેમેસ્ટર-૧ અને ૩ નું આજે પરિણામ જાહેર થશે. ધો. ૧૧માં જિલ્લામાં ૬૦૩૫ અને ધો. ૧૨ સોમે.-૩માં ૫૦૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત ઓકટોબર મહીનામાં લેવાયેલી ધો. ૧૧ સેમેસ્ટર-૧ અને ધો. ૧૨ સેમેસ્ટર-૩ ની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થશે. ધો. ૧૧ અને ૧૨ની સેમેસ્ટર પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો પર સી.સી.ટી.વી. કેમેરાની વોચ ગોઠવવામાં આવી હતી. જયારે પરીક્ષા દરમિયાન તૈયાર થયેલ કુટેજની સીડીના નિરીક્ષણના અંતે કોપી કેસ દાખલ કરી જવાબદાર સામે પગલા લેવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૧૧૦૩૫ વિદ્યાર્થીઓએ ધો. ૧૧ અને ધો. ૧૨ ની સેમેસ્ટર પરીક્ષા આપી હતી.

# વાયબ્રન્ટ સમીટ દરમ્યાન ગાંધીનગર ગ્રીન સીટી તરીકે સુશોભિત થવુ જોઈએ

ગાંધીનગર, તા. ૧૨

વાયબ્રન્ટ સમીપ દરમ્યાન ગુજરાતનું પાટનગર ગ્રીન સીટી તરીકે દીપે તે રીતે તેના સુશોભન પર ભાર મુકવામાં આવી રહ્યો છે. અમદાવાદ-ગાંધીનગર માર્ગની સેન્ટ્રલ વર્જમાં પણ વિશેષ રીતે ગ્રીન ઘાસ વિકસાવવાની કામગીરી આરંભી દેવામાં આવી છે.

આજે અમદાવાદ ખાતે યોજાયેલી બેઠકમાં અમદાવાદ ગાંધીનગરના બ્યુટીફીકેશન અંગે વિસ્તૃત વાતો કરી તે અંગેના આયોજનમાં ગતિ લાવવા પર વિશેષ ભાર શહેરી વિકાસ વિભાગના અધિક

● અનુસંધાન પાન-૭ પર

Arihant International Garments
LADIES & GENTS
BIG BRAND
UPTO
SALE 70% OFF
Reebok
FILA
DENIZEN
lotto
PUMA
Jeans, T-Shirts, Shirts 3/4th, Formal Trousers, Track Suits, Suits & Blazers & All Branded Shoes Available
વિશ્વકર્મા સમાજ હૉલ,
સેક્ટર-૧૨, ગાંધીનગર

છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે
મહા રક્તદાન કેમ્પનું આયોજન કરેલ છે
મિત્રો, શુભેચ્છકોએ રક્તદાન કરી સહયોગ આપવા વિનંતી
તા. ૧૪-૧૨-૨૦૧૪ રવિવાર | સમય સવારે ૮ થી ૨ | સ્થળ હોટલ પ્રેસીડેન્ટ



HOTEL President
Where Hospitality Speaks...
HONEST restaurant
Harendrasinh jadav
Chairman & M.D.
M: 9898704537
Plot No.1, Sec. -11, B\h. Petrol Pump,Gandhinagar
Telefex : 079-23233444, 079-65723444, Email : Presidenthl@yahoo.com

TEJ EYE CENTER
જીવો જીંદગી ફરી એકવાર



CATARACT SURGERY AT 9.00 AM
LIFE BACK TO NORMAL BY 11.00 AM
• આંતરરાષ્ટ્રિય સ્તરે આંખની સારવાર માટે સર્વસ્વિકૃત એવી અદ્યતન ટેકનોલોજીના લાભ પ્રત્યેક સુધી પહોંચે તે માટે તેજ આઈ સેન્ટર કટિબધ્ધ છે.
• નવા સંશોધનો, અદ્યતન ટેકનોલોજીથી અનુભવી સર્જન મોતિયાની સારવારમાં ચમત્કારીક પરિણામો આપી શકે છે.
• એન.આર.આઈ. પરિવારો માટે મલ્ટી ફોકલ કેટરેક્ટ સર્જરી અને બ્લેડ લેસ લેસિક સર્જરીના વિશેષ પેકેજ.
ગાંધીનગર
૯૦૧/૧, સેક્ટર-૭/સી, 'ઘ' રોડ, મેઈન બસ ડેપો સામે, ગાંધીનગર-૩૮૨ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૩૨૪ ૫૧૨૬ ● મો. : ૯૯૨૪૦ ૮૮૫૦૦
કલોલ: ૩/એ, ત્રીજો માળ, ડૉક્ટર હાઉસ, સરદાર બાગ પાસે, વર્ધમાન નગર, ફોન : ૯૬૮૭૬ ૫૫૧૨૦
દહેગામ: ૧ અને ૨, શિવશક્તિ કોમ્પલેક્ષ, પશુ દવાખાનાની સામે, મોડાસા રોડ, દહેગામ-૩૮૨૩૦૫ ફોન : ૯૬૮૭૬ ૩૩૨૨૩, ૯૯૨૪૦ ૮૮૫૦૦
માણસા: ૮, ૯, ૧૦, એસ.આર. કોમ્લેક્ષ, રાજવી હોટલની નીચે, માર્કેટયાર્ડની સામે, માણસા-ગાંધીનગર રોડ, માણસા. મો. : ૯૬૮૭૬ ૩૨૧૪૧, ૯૯૨૪૦ ૮૮૫૦૦
www.tejeyecenter.com contact@tejeyecenter.com @tej eye center